સાલ : ૨૧ / સિલસિલાવાર નંબર : ૧૭૭ / શુમારો : ૩ بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૬

# مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદિલ ઉલા - જુમાદિલ ઉખરા ૧૪૪૫ / નવેમ્બર - ડિસેમ્બર ૨૦૨૩

## ચેતજો.... ચેતજો....

અલ્લાહ તઆલા કુરઆને કરીમમાં સુરતુલ હિજ્રમાં ફરમાવે છે કે, **"ઝરૂર હમેં જે લોગો બારીક-બીની, ગૌરો-ફિકર કરીને પોતાના હર કામને અંજામ આપનાર છે, તેઓ વાસ્તે બીજાઓં પર બરતરી ઝાહિર કરવા નિશાનીઓ મુકેલી છે. "**

આ લોગો ઘણા ચાલાક, હુશિયાર, ઝબાનને કમ માં કમ ઈસ્તેમાલ કરનાર, સોચી-વિચારીને કદમ ઉપાડનાર, વાતની તેહ તક જાનાર, તફતીશભરી આઁખ રાખનાર અને પોતાના ફૈંસલા પર અટલ રહેનાર છે. દુનિયામાં તેઓની ઈઝઝત છે, એહતેરામ છે, રોઅબ છે. ઈન્સાફનો સિક્કો છે, બરતરી છે, વાતનું વઝન છે અને કામ પર એઅતેમાદ છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "તમેં મુમિનની ફરાસત - હુશિયારીથી ડરતા રહેજો. ઝરુર મુમીન તો અલ્લાહના નુરથી જોઈ છે." **યાઅની મુમીન તક્વાથી મૌજઝન હોય છે.** એનામાં તક્વા-પરહૈઝગારીનો એક અઝીમ દરીયો સમાયેલો હોય છે. આ તકવાથી એના દિલમાંથી તમામનો ડર નિકલી જાય છે. તકવાની મૌજો એને અક્લ, હુશિયારી અને ચાલાકીની ગહેરાઈ આપે છે. અલ્લાહ તઆલા આ મુમિન પર એવો કરમ કરે છે કે, એને પોતાના નૂરની કુશાદગી આપે છે. એ હર ચીઝને પોતાની આઁખોથી આ ઈલાહી નૂરના સબબ હર ચીઝની હકીકતને આંકી શકે છે, જોઈ શકે છે અને તેની અસલીયત માપી શકે છે.

મૌ.ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, "અલ્લાહ તઆલાએ કોઈ એવી મખ્લુક પૈદા કીધી જ નથી કે, તેની બે આઁખોના દરમિયાન એમ ના લિખું હોય કે, તે મુમિન છે યા કાફિર છે. આ લખાણ અય લોગો તમારાથી છુપાયેલું-મહજુબ છે મગર હમારા વાસ્તે ખુલ્લું-મકશુફ છે. **હમેં મુતવસ્સેસીન છીએ.** હમારી નઝર બારીક-બીનીથી કામ લે છે. જે ચીઝો તમારા વાસ્તે આમ હલકી દેખાતી હશે, તે હમારા વાસ્તે ખાસ - એહમીયતવાલી હશે. હમેં હમારા નઝદીક પૈશ થાનાર શખ્સના ચહેરાથી પહેચાની જોઈએ છીએ કે, એ શખ્સ હમારો છે કે હમારો નથી. એની બે આઁખોને દરમિયાન પૈશાનીની જે ચામડી છે, તે પર હમેં પઢી લઈએ છે કે, તે મુમિન છે કે કાફિર છે.

ઉપર ઝિક્ર થયેલી કુરઆની આયતમાં જે મુતવસ્સેસીન ની ઝિક્ર છે, તેમાં અઈમ્મતે આલે મોહંમદ (સ.અ.) ની મોહબ્બત, વલાયત અને શાન છુપાયેલી છે. આપ સાહેબો કોઈ પણ શખ્સની પૈશી, આવાઝ, કલામ, નઝર, જિસ્માની હરકતો અને તેની ખુશ્બૂથી પહેચાન કરી લો છો અને એને એની જગા બતાવી દો છો. ✯

---

**મખ્દુમએ અફીકઓ માઅસુમએ ગુમાં,**
**ખાતુને હશ્ર બિન્તે નબી બાનુએ જીના,**
**નુરે ખુદા ચિરાગે હરમ શમ્એ લામકા,**
**યાઅની વો પારએ જીગર શાહે મુરસલાં,**
**ખૈરૂલ વરાને બિઝઅતો મીન્ની કહા જીસે,**
**તન્હા ખુદાને ખુદ કહા શરફે ઈન્નમા જીસે.**

**અંધારું હતું અને તેને દૂર કરવા રૌશની પૈદા કરવામાં આવી.**

## ડૉક્ટરેટની સનદનવાઝી ના જશનમાં આકા મૌલા સૈયદના સાહેબ (ત.ઉ.શ.) ની અલવી શાન નઝર આવી.

**અપની ઝબાન**

અલ્લાહતઆલાના આલિમે અહલુલ બૈત (અ.સ.) ના ઉપર હઝાર-હઝાર કરમો લતાફતના હાથ હોઇચ. જો આલિમ દાઈએ હક્ક હોય તો આપના ઈઝઝતો એહતેરામ અને દરજએ આલીયહના નૂરાની આસમાનોની બલંદી તો આંકી જ ના સકાય. આજે દાઈએ હક્ક ના ઈલ્મની નહેરો પૂરા આલમમાં એ તરહ જારી છે કે, ફક્ત અહલે જમાઅત જ નહીં, મગર અહલે ઈસ્લામ અને અહલે મઝાહિબે મુખ્તલેફહ ના લોગો પોતાની ઈલ્મી તિશ્નગીને બુઝાવવા તે નહેરો પર શૌકસી આવીને સૈરાબ થઈ રહ્યાચ.

૧૫ મી સદી હિજરીનો આફતાબ જે વક્તસી આસમાન પર તુલૂઅ થયોચ અને ૧૩૯૯ હિ. સી આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ૧૯ સાલની ઉંમરે અરબી લિટરેચર અને લેંગ્વેજની આઅલા તાઅલીમ વાસ્તે મુંબઇ પધારાચ, વહાઁસી લઈને આજ તક આપ મૌલાના ૪૫ સાલના આ તાઅલીમી સફર દરમિયાન દાઅવતે શરીફહનો ઈલ્મે હક્કનો પરચમ એવો બલંદી પર પહોંચો કે, અમેરીકા, બ્રિટન, જર્મની, શામ, ઈરાક, યમન, પાકિસ્તાન, ઈરાનના મુલ્કોના રિસર્ચ સ્કોલર્સને તેની શાનનો નઝારો થાવા લાગો.

આનો એક હસીન-બેમિસાલ નઝારો તે વક્ત ઝાહિર થયો કે, પ્રો. યૂનુસ જાઅફરીના ઝરીઆસી જે રાબેતો દિલ્હીમાં ૧૪૦૯ હિ. માં ઈરાન કલ્ચર હાઉસના અરાકીન સાથે કાઈમ થયો હતો તે એ મુજબ મઝબૂત થયો કે, ઈલ્મી-અદબી સીડિઓ ચઢતો ગયો અને સફરૂલ મુઝફ્ફર ૧૪૩૨ હિ. માં તે ઔજ-ઊરૂજ પર પહોંચો. આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) અને મુકાસિરૂદ્દાઅવત સૈ.મોહંમદ નૂરૂદ્દીન સાહેબ (દા.મ.), મુકદસ મૌલા સૈ.તૈયબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ની રઝા લઈને ૧૭ અફરાદના વફદ સાથે તહેરાન, કુમ અને મશહદના સકાફતી-ઈલ્મી દૌરા પર એક હફતા વાસ્તે પધારા.

ઈરાન-ફારિસની આ બાબરકત ઝમીન તાઅલીમ-તરબીયત-તદરીસ-તસ્લીમના ખઝાનાઓસી હરેલી-ભરેલી અને ઝરખૈઝ છે. **મિસિરમાં અઇમ્મતે ફાતેમીયીનના ખિદમતમાં હિ.૩૬૦ - ૫૨૦ તક ના નામવર અને બલંદપાયા દોઆત પધારા.** જેમકે, સૈ.નાસિર ખુસરૂ, સૈ.અર-રાઝી, સૈ.અસ-સિજિસ્તાની, સૈ.અલ-કિરમાની, સૈ.અશ-શીરાઝી, સૈ.અન-નિસાબુરી વગૈરહ. આ ફારસી દોઆતે કિરામે અપના ઈસ્માઈલી-તૈયેબી મઝહબ, શરીઅત, તાવીલ, તારીખ, અકીદાઓ, રૂસૂમાત, ફલસફા, હકાઈક, અહકામ, તાઅલીમાત પર બેશુમાર કિતાબો ફાતેમી ઈમામોની હાઝિરીમાં લખેલા છે. આ જ તક સેંકડો સ્કોલર્સ તેના ઉપર રિસર્ચ કરી રહ્યાચ. આ કિતાબોના સહી મફહૂમ અને નુસ્ખાઓ વાસ્તે દુનિયાના હર કોઈ ઈસ્માઈલી સ્કોલરને આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની ઝરૂરત પૈશ આવેચ. આ ઈલ્મી ખિદમતના સિલસિલામાં આપ મૌલાને આજ તક કોઈને માયૂસ કીદા નથી, મગર જલ્દ-અઝ-જલ્દ નુસ્રત કીદીચ.

સફરે ઈરાન દૌરાન આપ મૌલા અને મુકાસિર સાહેબે જે મુજબ તાઁ ના શહેરોમાં દરસો દિરાસત અને ઈલ્મો તાઅલીમનો માહૌલ જોયો તે વક્ત આપે તય કરી દીધું કે, તકાઝએ વક્ત હવે હિવો છે કે, **દાઅવતે શરીફહના ફરઝંદોની તાઅલીમ યહાઁના તૌર-તરીકા મુજબ થાવી જોઇએ.** મુખ્તેલિફ ઝબાનોમાં જઈને અને બીજા ફિરકાઓના લોગો સાથે મિલીને નવી ઝહેનીયત અને તસવ્વુરાત નવી પૌત-પેઢીના ફરઝંદોમાં ઉભરવી જોઈએ.

(બકીયહ પેજ નં. ૩ પર)

**ગુમ્રાહી હતી અને તેને મિટાવવા હિદાયત પૈદા કરવામાં આવી.**

(પેજ નં. ૨ નું બાકી)

લેહાઝા, આપ મૌલાએ ૧૪૩૨ હિ. માં જ આપના મોટા ફરઝંદ ભા.સા. સઈદુલ ખૈર સાહેબ, જે આજે માઝૂને મુત્લકના મન્સબે જલીલ પર ફાઇઝ છે, તેમને ઈરાનના કુમ શહેરમાં ૭ સાલ વાસ્તે આઅલા તાઅલીમ હાસિલ કરવા, ફારસી-અરબી ઝબાન પર ઊબૂર હાસિલ કરવા મોકલા. ૧૪૩૨ હિ. થી ૧૪૪૫ હિ. તક દાઅવતે શરીફહના મરકઝ પર ઘણા ઈરાની ઓહદેદારો અને આલિમોની અવર-જવર રહી. અલ-મુસ્તફા યુનિવર્સીટીના સાહેબો સાથે માઝૂન સાહેબનો જે રિશ્તો હતો તે વધારે સંગીન થાતો ગયો. **આપ મૌલાની ઇલ્મી ખિદમાત, સરગરમી, ગહેરાઇ અને મેઅયાર ઇરાની ઇલ્મી દાએરાઓમાં થાતો રહ્યો.** એક વક્ત એવો આવો કે, આપનો મકામે શરીફ ઈરાની ઓલમાના દરમિયાન એ મુજબ આશ્કાર થયો અને ઝાહિર થયો કે, ઇસ્માઈલી-તૈયેબી બોહરા કૌમોનાં સરદારો અને લાખોની તાઅદાદમાં આપ મૌલાની જ એવી શખ્સીયત શોહરએ આફાક થઈ કે, પૂરા આલમમાં આપ સિવાય કોઈ જ એવા દાઈ કે સાહેબે મકામ નથી કે જે મિસરી-યમની-તૈયેબી દાઅવતના લિટીરેચર-કિતાબોની માહિતી, જાનકારી કે ઇલ્મ રાખતા હોય. મોટી-મોટી અલમારીઓ, તેહખાના, લાઈબ્રેરીઓ, કેટલોગ, ખઝાનાઓ તો ઘણા લોકો પાસે છે, મગર એક-એક કિતાબનું ઈલ્મ અને તેમાં છુપેલા ગૌહર-જૌહરનું ઈલ્મ કોના પાસે હોઈચ !!!

પૂરા આલમમાં ઈસ્માઈલી-તૈયેબી સ્કોલર્સમાં આપ મૌલાની બોલબાલા, દાઅવતે શરીફહના મખ્સૂસ ઈલ્મને કિતાબોમાંથી બાહર લાવવાની, સાચવવાની, લખવાની, નકલ કરવાની આપની મહેનત-મશક્કતને ઝહેન-નશીન કરીને અલ-મુસ્તફા ઈન્ટરનેશનલ યુનિવર્સીટીના મુદીર અને મોહતમિમ સાહેબોનો ઘના વક્તથી ઈરાદો હતો કે, આપ મૌલાની આ ખિદમાત વાસ્તે હોંસલા-અફઝાઇ કરવામાં આવે. તે એ તરહસી કે, **" હમેં આપના મકામ પર પધારીને આપની જમાઅતના લોકોને દરમિયાન આપને ઇસ્લામિક સ્ટેડીઝમાં એઝાઝી ડૉક્ટરેટની મખ્સૂસ ડીગ્રી ઇનાયત કરવાનો શરફ લઇએ. "**

૧૭ ર.અવ્વલ ૧૪૪૫, ૧ ઓક્ટોબર ૨૦૨૩, રવિવારે ફજેરે ૯:૩૦ વાગે, નૂરાની મસ્જિદમાં આ ઈરાદો તકમીલ પર પહોંચો અને ૧૦૦૦ મુમેનીન અને મુમેનાતની હાઝિરીમાં પૂરા આલમના નઝરોને સામી કે જે જમાઅતની યૂટયૂબ ચેનલના ઝરીએ લાઈવ પ્રોગ્રામ જોઈ રહ્યા હતા, **આપ મૌલાના ઇસ્મે ગિરામી અને નામ મુબારકના આગલ " ડૉ. " નો લકબે ખાસ ઝીનત અફરોઝ થયો.** આપ મૌલાની ૪૫ સાલની મુસલસિલ ઈલ્મી જેહાદ અને ખિદમાતના સિતારાઓની ચમક અને રોશની આ સનદનવાઝી નો ફંકશન-એહતેફાલમાં ઝલકવા લાગી. આપ મૌલા મુંબઈમાં ૧૪૦૩ હિ. માં એરેબિક લેન્ગવેજ એન્ડ લિટરેચરની માસ્ટર્સની ડીગ્રી (M.A.) સી ફારિગ થયા અને આપનો PhD કરવાનો ખ્વાબ અને ખ્વાહિશ તે વક્ત હાલાત નાગવાર હોવાના સબબ સી અધૂરી રહી હતી, તે આજે હકીકતમાં તબ્દીલ થઈ ગઈ.

આ યાદગાર, તારીખી અને ખુસૂસી મજલિસ-ફંકશન વાસ્તે મસ્જિદે નૂરાની અને મૌલવી ચોક દુલ્હનની જિમ સજાવવામાં આવો હતો. હર જગે ફૂલદાન હતા. પૂરી મસ્જિદ ફૂલોની ખુશ્બૂસી મહેકી ઉઠી હતી. હિન્દુસ્તાન અને ઈરાનના પરચમના કલરોની ચાદરો મિલાવીને ઈઝહારે મોહબ્બતે વતનીયત કરવામાં આવી હતી. **તખ્તે તૈયેબીની અજબ ઝીનત અને શાન હતી.** એક ખુસૂસી પાટ પરથી આપ મૌલા અને મહેમાનો મુમેનીનને દરમિયાનથી ચાલીને મહેફિલ તરફ ગયા હતા. અપના પંજતને પાક (અ.સ.) અને અઈમ્મતે તાહેરીન (રિ.અ.) ના મુબારક નામોના પડદા લટકાવવામાં આવા હતા. તખ્તે તૈયેબીના આજૂબાજુ હિન્દુસ્તાન અને ઈરાનના પરચમ નસબ કરવામાં આવા હતા.

(બકીયહ પેજ નં. ૪ પર)

**બિદઅતો હતી અને તેને માંજવા શરીઅત પૈદા કરવામાં આવી.**

(પેજ નં. ૩ નું બાકી)

મદેહખ્વાનીની જગા પર મુખ્તલિફ અબ્યાતની કિરાત થઈ હતી, જિમકે, "તૂબા લકુમ, તૂબા લકુમ", "ખૈરૂલ અનામ", "ઝિંદાબાદ ઝિંદાબાદ, અલવી જમાઅત ઝિંદાબાદ" અને "સુલ્તાને દીં હાતિમ શહા, સદ મરહબા, સદ મરહબા".

ફિરકએ ઈસ્ના અશરીના રહેબરે આઅઝમ તરફથી જનાબ આગાએ મહેદી મહેદવીપૂર સાહેબ અને અલ-મુસ્તફા ઈન્ટરનેશનલ યૂનિવર્સીટી તરફથી જનાબ આગાએ અલી અશ-શાકિરી સાહેબ અને સાથે આઅયાન પધારા હતા. મહેમાનોના તઅસ્સુરાતથી ઈમ લાગતું હતું કે, મસ્જિદમાં અહલે મજલિસની અદબ, નિઝામ, નિશિસ્ત, લિબાસ, તરતીબ, બેઠકોની બંદિશ, આપ મૌલાની નૂરાની શખ્સીયતનો આબોતાબનો મંઝર-માહૌલ જોઈને હર કોઈ લાકલામ અને મુતહૈયિર થઈ ગયા હતા.

આપ મૌલાએ કરમ ફરમાવીને ઈબ્તેદાએ મજલિસમાં દિલ્હીથી જે આઅયાન-મેહમાનાન આવા હતા, તેમાંથી એક સાહેબને કુરઆને કરીમની કિરાત કરવાની ઈજાઝત આપી હતી. આ સાહેબ જામેઅતુલ મુસ્તફાના રઈસી કારી હતા, જેમના ઝૈર સેંકડો બીજા કારેઈન ઈરાનમાં ટ્રેનિંગ લે છે અને એમનું ઈરાનના બહેતરીન કારીઓમાં નામ શામિલ છે. એમને મસ્જિદે નૂરાનીમાં સૂરતુલ ફાતેહા, આયતુલ કુરસી અને બલગલ ઉલા બેકમાલેહીની ઈલ્હાન-તરન્નુમ સાથે ખૂબસૂરત તિલાવત કીદી. તારીખમાં પહેલો મૌકો હતો કે, અપના મુમેનીનને દરમિયાન કોઈ મજલિસમાં દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના મુકાબિલ આ તરહ કોઈ ગૈર કૌમના સાહેબે કિરાતે કુરઆન કીદી હોય. આ અપની મજલિસની શાનો અઝમતની એક ઝિંદા મિસાલ છે.

જે આઅલા ઓહદાના સાહેબાન હતા, તેઓએ પોતાના ખિતાબ-તકરીરમાં ઈમ કહ્યું કે, "અય દાઈએ અહલે બૈત (અ.સ.) ! હમારી ખુશ ઈકબાલી છે કે, હમેં આપની મૌજૂદગીમાં આ મજલિસે મસર્રતમાં હાઝિર છે. આપે હમને આ શરફ બખ્શો કે, આપની ઈલ્મી ફૌકીયત-બરતરી અને હમારા અહલુલ બૈત (અ.સ.) ના હક્કના મઝહબની નશરો ઈશાઅત વાસ્તેની આપની મેહનતો મશક્કતની કદરદાની અને માઅરેફત કરીને આજે હમેં આપના દર પર આપના મુમેનીન દરમિયાન હમારા રહેબરે આઅઝમના હુકમથી આપને જામેઅતુલ મુસ્તફા અલ-આલમીયહ ની આઅલામાં આઅલા સનદ, ઈસ્લામિક સ્ટડીઝમાં **"એઅઝાઝી ડૉક્ટરેટ"** ની ડીગ્રી થી આપને નવાઝીએ. જામેઅહ વાસ્તે આ એક તારીખી વાકેઓ છે કે, યૂનિવર્સીટીના મરકઝ સિવાય ઈરાનને બાહર કોઈ સાહેબની આ તરહસી ઈઝઝતઅફઝાઈ સાથે ડૉક્ટરેટની સનદ આપવામાં આવી હોય ! હમારા વાસ્તે આ એક ફખરનો બાઈસ છે કે, આ તરહની બાકમાલ અને બાજમાલ મજલિસનો મુશાહેદો કીદો કે, જેની ઝિક્રે ખૈર હમારી જામેઅહની તારીખમાં હુરૂફે ઝહબીયહ-ગોલ્ડન લેટર્સ સી દરજ કરવામાં આવસે."

"અય દાઈએ હુસૈન ! હમારો અને આપનો તઅલ્લુક ઈમાન અને હક્ક સાથે છે. **ઇમાન એ અહલે બૈત (અ.સ.) ની મોહબ્બત છે અને હક્ક એ કુરઆને કરીમ છે.** આ બે નફીસ ચીઝોના સબબ આજે હમ તમામ એક જ મજલિસમાં જમાઅ થયેલાચ. અપના દિલો તેના નૂરના તારોસી જોડાયેલાચ. અહલુલ બૈત (અ.સ.) ની ખિદમતની દૌલત એવી દૌલત છે જેનાથી દુનિયાના બીજા લોકો બેનસીબ છે. અલ્લાહતઆલાનો હમેં શુક્ર કરીએચ કે, આપ દાઈના સબબ જ આજે વડોદરા જિવા શહેરમાં અહલુલ બૈત (અ.સ.) ના દીને હક્કનું નૂર અને ઝિક્ર બાકી છે કે, જેનો ફૈઝ અને ફાયદો આપના મુમેનીન ઉઠાવી રહ્યાચ. દીનના તાબેઅદારો વાસ્તે ફલાહી છે અને દીનના મુખાલેફીન વાસ્તે તબાહી છે."

(બકીયહ પેજ નં. ૫ પર)

**બદીની હતી અને તેને રોકવા દીને હક્ક પૈદા કરવામાં આવું.**

(પેજ નં. ૪ નું બાકી)

આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) એ પુરલુત્ફ ઝબાને શીરીનસી બયાન ફરમાવું કે, "જે ફારિસની ઝમીનસી ૧૧૦૦ સાલ પહેલા બેશુમાર કીમતી યાકૂત, મરજાન, લુઅલુઅ જિવા જૌહર હમારા દોઆતની શિક્લમાં મિસિરના ફાતેમી ઈમામોની ખિદમતમાં ગયા હતા અને પોતાના ઈલ્મી શમાઅદાનને તે જૌહરસી સજાવા હતા, તે જૌહરો માંસી એક જૌહર અને તોહફો આજે મારા વાસ્તે આ સાહેબો લઈને પધારા છે. **આ હમારા દોઆતની ઇલ્મી વિરાસત ને સાચવવા અને આગલ વધારવા વાસ્તેની એક અદનામાં અદના જઝ્ઝ છે.** હમારી આ ખિદમત તો આગલા હમારા દોઆતની જાઁફિદાઈ અને જેહાદના મુકાબિલ કઇ નથી. હમારા અહલુલ બૈત (અ.સ.) ના સબબ અને જેહાદના મુકાબિલ કઇ નથી. હમારા અહલુલ બૈત (અ.સ.) ના સબબ હમારી ઈઝ્ઝત દુનિયામાં કાઈમ રહે તેના જ હમેં ખ્વાસ્તગાર છે."

"**ઇમામુઝ્ઝમાન (અ.સ.) ના હમેં ખાદિમ છે, દાઇ છે.** આ સતરના ઝમાનમાં હમેં આપ ઈમામની નિયાબત-નુમાઈંદગી કરીએચ. દાઈના મરતબા સી ઉપર બીજો કોઈ મરતબો નથી. હક્કના દીનના ઊલૂમના તમામ દરવાઝા દાઈયુઝ્ઝમાન યાઅની હમારા નઝદીક ખુલેચ. હમારો શરફ, ઈઝ્ઝત અને શનાખ્ત તેનાસી નથી થાતી કે, કોઈ હમને દુનિયાવી ડીગ્રી સી નવાઝે, મગર હમેં નાઈબે ઈમામુઝ્ઝમાન (અ.સ.) આ ડીગ્રીને કુબૂલ કરીને તે જામેઅહની ઈઝ્ઝતમાં ઈઝાફો કરી રહ્યાચ. હમારા ઈલ્મના સબબ આજે હમેં આલમભર માંસી સેંકડો સ્કોલર્સ ને PhD વાસ્તે તૈયાર કરવાની અને ડીગ્રી આપવાની સુલાહીયત અને સહલીયત રાખીએચ."

"આ ઈઝ્ઝતમઆબ સાહેબોની હમારી આ મજલિસે તૈયેબીમાં હાઝિરી એ વાતની નિશાની છે કે, ઈરાની ઈલ્મી દાએરાઓ સાથે સાલો સી જે રિશ્તો-નાતો ચાલતો આવે લોચ, તે આજે હિવી બલંદી પર પહોંચેલો છે કે, આ સાહેબો આજે મહેમાન બનીને પધારેલા છે. એમના રહેબરે આઅઝમસી ઈઝન લઈને આવેલાચ. હમને ઈરાન પધારવાની દાઅવત પૈશ કરી રહ્યાચ. એક મકસદે ખુસૂસી લઈને આવેલાચ. સનદનવાઝીના પુરફરહત મૌકા પર આજે આ તમામ હમારા સાથે દારૂસ્સલામ પર પૂરો દિન છે. મુસ્તકબિલમાં હમેં સાથે મિલીને આ રિશ્તાને હર મહાઝ પર હર મુમ્કિન તરીકાસી કઇ તરહ સી મઝબૂત બનાવી સકીએ છે, તે વાસ્તેની બાહમી મુખ્લેસાના કોશિશ દરકાર છે."

આપ મૌલા (ત.ઉ.શ.) ની પૂરી તકરીર જે લિસાનુદ્દાઅવતમાં હતી, તે માઝૂન મૌલા (દા.મ.) એ ફારસી ઝબાનમાં તરજુમો કરીને ખુસૂસી મહેમાનોની સમઝ વાસ્તે ફરમાવી. ફારસી ઝબાન પર જે મુજબ આપનો ઊબૂર હતો તે સાંભલીને મહેમાનો આફરીન પુકારી ગયા. આ પહેલો એવો મૌકો હતો કે, **એક જ મજલિસમાં લિસાનુદ્દાઅવત, અરબી, ફારસી, ઉર્દૂ અને અંગ્રેઝી નો સંગમ અને મિલાપ એક સાથે જોવા મિલો.** અપની વેબસાઈટ www.allavibohra.org પર આ ઝરીંન મૌકાના અંગ્રેઝીમાં અખ્બાર સાથે અરબીમાં પન મુકવામાં આવા. પૂરા પ્રોગ્રામનો વિડીયો યૂટયૂબ ચેનલ પર મુકવામાં આવો જેના સબબ હિન્દુસ્તાનથી બાહર વસેલા સેંકડો અપના ઘરો અને જવાનોએ તેનો મુશાહેદો કીદો. હર જગેસી મુબારકબાદી અને મોહન્નાબાદીના પૈગામાત આવવા લાગા અને દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની ઈલ્મી અઝમતના સબબ અપની અલવી જમાઅતનું નામ પૂરા જહાનમાં રોશન થઈ ગયું અને ઝિંદાબાદ, ઝિંદાબાદ, અલવી જમાઅત ઝિંદાબાદ ની નિદાએ પુરકૈફ ગુંજવા લાગી. ✯

**દિલનું નૂર મૌત પછીના અંધારાને દૂર કરે છે.**
**નૂરના સાહેબની એક કિશ્તી દરમિયાન અંધારાનો ડરાવનો મોટો દરિયો હોય છે.**

**શયતાન અંધારાનો મુજસ્સેમો છે અને નબી નૂરના પૈકર છે.**

## યૌમુલ જોમોઅહ
## અય્યામોના સરદારની ઝિક્ર
### કિસ્ત : ૨

પૈદા હુએ શાઅબાઁ મેં હૈં શબ્બીર ઈસ જગા,
શબ્બીરને ઝહેરા કા દૂધ પીયા ઈસ જગા,
અહમદને અપને કાંધે પે બિઠલાયા ઈસ જગા,
ઝૂલા ઝુલાયા રૂહે અમીંને હે ઈસ જગા,
યસરબ કી અબ ઝમીન છુટી હે હુસૈન સે,
દુનિયા જફા ભી સારી હુઈ હે હુસૈન સે.
ખુત્બા સફર કા જુમ્આ કો અબ મૈં સુનાઉંગા,
ફિર કર સફર સે અબ ના મદીના મૈં જાઉંગા,
અબ ઝિંદગી હે ખત્મ ના અબ જાઁ બચાઉંગા,
કરબો બલા મૈં ખૂન કી નદી બહાઉંગા,
તપ્તી ઝમીં કે ફર્શ પે લાશે જલાઉંગા,
સિત્તેર-દો તન કા ખૂન ઝમીં કો ચુસાઉંગા.
નાના કી કબરે પાક છુટી વા મુસીબતાહ,
માઁ ફાતેમા કી કબ્ર છુટી વા મુસીબતાહ,
ભાઈ હસન કી કબ્ર છુટી વા મુસીબતાહ,
સુગરા ગરીબા બેઠી છુટી વા મુસીબતાહ,
હે હે મદીના છુટતા હે જંગલ બસાઉંગા,
કરબો બલા બહિશ્ત મદીના બનાઉંગા.
હજ્જ કરકે હાજી જબ યહાઁ તૈબા કો આતેં હૈં,
કરકે મદીના જાન મુતહહર બનાતેં હૈં,
હો કર ગુનાહ સે પાક યહાઁ સે વો જાતેં હૈં,
હાજી વતન મેં જા કે વો ખુશીયાઁ મનાતેં હૈં,
હાજી હુસૈન બનને કો તૈબા સે જાતેં હૈં,
શેહરગ કા ખૂઁ બહાકે વો ખુશીયાઁ મનાતેં હૈં.
મિસ્લે મદાઈન જંગલે વીરાઁ બનાઉંગા,
દશ્તે કિતાલ, ખુલ્દ કા તબકા બનાઉંગા,
ખૂને શહીદ, ઈત્ર હિના કા બનાઉંગા,
ખાકે બલા કો ખાકે શિફા મેં બનાઉંગા,
કુરઆઁ-સલામ પઢને કો ઝૂવાર આએંગે,
મેરે હરમ સે ખાકે શિફા લેકે જાએંગે.
હર ગામ-ગામ રાહે સફર મેં પઢી નમાઝ,
રોએ બહુત પુકાર કે જિસને સુની નમાઝ,
વક્તે ઝવાલ જુમ્આ કી થી આખિરી નમાઝ,
ખુત્બા સુનાયા ઐસા કે ખુદ રો ગઈ નમાઝ,
જુમ્આ કી રાત સારી ઈબાદત મેં સર્ફ કી,
તસ્બીહ-દોઆ કી બન ગઈ સિત્તેર હર્ફ કી.
તારીખ દસવીં માહે મોહર્રમ કી દોસ્તો,
છાતી પે શાહે દીન કે કાતિલ સવાર હો,
જુમ્આ મેં ઝબ્હ હો ગએ વો શાહ નૈક ખૂં,
જુમ્આ થા આએ રન મેં ફરિશ્તે સલામ કો,
જુમ્આ કે દિન મેં બાનૂએ બેકસ વો લુટ ગઈ,
જુમ્આ કે દિન મેં ભાઈસે બહેનેં વો છુટ ગઈ.
જુમ્આ કી રાત શાહ કી બેટી દુલ્હન બની,
જુમ્આ કે દિન મેં દુલ્હા સે દુલ્હન વો છુટ ગઈ,
જુમ્આ કે દિન મેં અહલે હરમ કી રિદા છિની,
ઉન્નીસ ફાતેમા કે પિસર પર છુરી ચલી,
જુમ્આ કી ઈદ કૈસી નિભાઈ હુસૈન ને,
મિશ્રી શહાદતોં કી ચખાઈ હુસૈન ને. ✯

**હર ચીઝનો એક ચહેરો હોય છે, પહેચાન હોય છે, તો દીને ઈસ્લામનો ચહેરો નમાઝ છે. જો કોઈ જિસ્મ તેના ચહેરા બગૈરનું હોય તો તેની પહેચાન નથી થઈ શકતી, તેમ જે શખ્સના આઅમાલમાં નમાઝ નહીં હોય તો તેના બીજા કોઈ પણ અમલ પર નઝર કરવામાં આવશે નહીં.**

**નૂર અને તેના સાહેબને સાચવવાની ઝિમ્મેદારી તેના ખાલિકની છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✻ ઉભી તરકીબ :**

૧) મહેશરના મૈદાનમાં ગુનેહગારો પસીનાથી તરબતર તંગ હાલાતમાં ફિકરમંદીથી -------- ને પકડીને પૈશ કરવામાં આવશે. (૨)

૨) -------ના સાહેબ જે દાઅવતના દરજાના સાહેબ હોય એમની કદમબોસી અને મિઝાજપુરસી વાજિબ છે. (૩)

૩) "તમેં વક્ત વધારે બિગાડો ના, જાવ ----- જ તમેં આ કામ કરી આવો." (૩)

૭) દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની ------ માં જ આપના મૌલા ઈમામુઝઝમાન (અ.સ.) ના નૂરાની દીદાર થઈ જાય છે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✻ આડી તરકીબ :**

૨) મૌ.ઈસા રૂહુલ્લાહ ની તે લકબ ----- કે જેના સબબ આપ લોગોને મરઝથી શિફા આપતા હતા. (૩)

૪) દુનિયા તે ફનાનું ઘર છે અને આખેરત તે ------ નું ઘર છે. (૨)

૫) તે માખી કે જે તેના પૂડામાં તેનું થૂંક જમા કરે છે. આ થૂંકનું નામ ----- છે કે જે તાઝા ફૂલોંનો રસ હોય છે. (૨)

૬) ગુંબદે ખઝરા અને જન્નતુલ બકીઅ જે મુબારક શહેરમાં છે, તે -------. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ખ | | |
| | ક | તા | ર | |
| ખ | રા | X | હી | લો |
| | ર | જી | મ | |
| | | ભ | | |

**સહી જવાબ આપનાર : મુલ્લાની શીરીનબુ મુલ્લા કુરબાનહુસૈન રંગવાલા.**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર જુમાદિલ ઉખરા મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહઃ** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

---

(પેજ નં. ૯ નું બાકી)

**(૬) દોસ્તી - દિલદારી - ફ્રેન્ડશિપ :**

હમારી ઝિંદગીનો આ એક અતૂટ અંગ છે. હમેં એકલા રહી સકતા નથી. **કોઇ સાચો દોસ્ત હોવો ઝરૂરી છે.** પછી તે કોઇ પણ રિશ્તાની શિક્લમાં હોય. દોસ્ત ઝિંદગીને હસીન બનાવેચ, દિલને હલકું કરેચ, ગુંચવનને દૂર કરેચ, મુશ્કિલીનો હલ લાવેચ, સાથે મિલીને ખુશી-ગમી મનાવેચ, તન્હાઈ-તનાવના વક્તમાં સાથે રહેચ વગૈરહ. સોશીયલ મીડીયાએ આ ચીઝની અખ્ખી તસ્વીર જ બદલી નાખીચ, એ હવે હમને સોચવાનું છે કે, આ ઓનલાઇન દુનિયામાં કોને સાચા દોસ્ત માનવા અને કોને ખોટા. દોસ્તી ના નામ પર આજે લોકો બીજાને આસાની સાથે ઠગેચ, જેનાથી હમને આગાહ અને ખબરદાર રહેવું જોઈએ. ✯

**નૂર આઁખોને ગમે છે પણ આગ ગમતી નથી.**

# ડૉક્ટરો

(અપની ઝબાન)

મૌ.ઈમામ મોહંમદ અલ-બાકિર (અ.સ.) ફરમાવેચ કે, **"હમેં મુમેનીનની જાનોના ડૉક્ટરો-તબીબો છે."** યાઅની કે, નબી યા આપની આલે અત્હર સિવાયની હર જાન આ દુનિયામાં નાકિસ છે, કાસિર છે, ખામીવાલી છે, મેલી છે, કમ્ઝોર છે અને બીમાર છે. હમ મુમેનીનના નઝદીક હમારા જિસ્મો કરતા હમારા જાનો વધારે અહેમીયત રાખેચ. જિસ્મની સલામતી સાથે જાનની સલામતી ઝિયાદહ ઝરૂરી છે. જિસ્મના બીમાર થાવા પર જેમ હમેં પરેશાન અને ફિકરમંદ થઈએચ, તેમ જાન વાસ્તે ફિકર કરવી તો ઔર લાઝિમી બની જાઇચ. જિસ્મની બીમારી હમેં જોઇ શકીએચ, તબીબ પાસે જઈને ઈલાજ કરાવી શકીએચ. મગર જાનની બીમારી વાસ્તે એક ખાસ સાહેબની ઝરૂરત પડેચ. જાનની બીમારી ઝાહિરી તૌર પર દેખાતી નથી. એ ખાસ સાહેબ જ જાની શકે કે કયા શખ્સને કઇ નફસાની બીમારી છે.

ઈમામે હક્ક એ ખાસ સાહેબ છે, **જેના હાથમાં જિસ્મ અને જાન બેવેની હર બીમારીઓની દવા છે.** આપ સાહેબ બાખૂબી વાકિફ હોઉચ કે, કયા શખ્સનો કિવી તરહ ઈલાજ કરવો. આ તમામ ઈલાજ-દવા-નુસ્ખાના માલિક, માહિર, મઝહર, હકીમ એ હમારા આકા ગદીરી, નફસે મોહંમદી, અમીરૂલ મુમેનીન મૌલાના અલી બિન અબી તાલિબ (અ.સ.) છે. આપ મૌલા ફરમાવે છે કે, "અય મારા મુમેનીન ! દુનિયા અને આખેરતની કામિયાબી વાસ્તે તમેં હર વક્ત બાસેહત અને બાશુઊર રહો. યાઅની, તમારા જિસ્મો જાનને એ મુજબ તૈયાર કરો કે, તેના બીમાર થાવાના સબબ તમામ આઅમાલ કાચા અને ઢીલા ના પડી જાય."

આપ મૌલાએ ફરમાવુંચ કે, ૬ ચીઝો તમામ નઝદીક એવી છે કે, જેને અપનાવવાના સબબ, તેના પર બરાબર ચાલવાના સબબ, કાનૂન મુજબ અમલ કરવાના સબબ, હરએક મુશ્કેલાત અને મશક્કતને કુબૂલ કરવાના સબબ, તમેં હર તરહથી તરો તાઝા, ફ્રેશ, એનેરજેટીક અને પુરજોશ રહી શકોચ.

**(૧) ઝૌઊશ્શમ્સ - રૌશનીએ આફતાબ - સન લાઇટ, (૨) નૌમ - ઊંઘ, (૩) વરઝિશ - વર્કઆઉટ - કસરત, (૪) તઆમ - જમન, (૫) ખુદી પર એઅતેમાદ - સેલ્ફ કોન્ફીડન્સ, (૬) અસ્દેકા - દોસ્તો.**

હાલમાં જે મુજબ હમારૂં રૂટીન છે, રોઝમર્રાના કામકાજ છે, દિન-રાત ગુઝારવાના તરીકા છે, તેમાંથી હમારા મૌલાએ ફરમાવેલી ૬ ચીઝોના તવાઝુન-બેલેન્સમાં ઊંચનીચ અને ગહેરો ફરક આવી ગયોચ. હમારૂં ટાઈમ-મેનેજમેન્ટ અને વક્તને સાચવવું મુશ્કિલ બની ગયુંચ. ગૈર-ઝરૂરી ચીઝો હમરા વક્તને કત્લ કરી રહીચ અને હમને એવી તરહ મશ્ગૂલ કરી રહીચ કે, જેમાંસી કઈ જ હાસિલ નથી હોતું. સ્ક્રીન-ટાઈમ વધવાસી ઝરૂરી કામો અધૂરા રહી જાઇચ, ઘર અને બચ્ચાં પર બરાબર ધ્યાન અપાતું નથી, તરહ-તરહનાં દર્દો પૈદા થાઇચ, દિમાગી તનાવ વધી જાઇચ અને બીમારીઓ ને હમારા ઉપર એટેક કરવાનું ખુલ્લું મૈદાન મિલી જાઇચ.

હમેં હમારા મૌલાએ ફરમાવેલી ૬ ચીઝો ઉપર નઝર નાખીએ :

**(૧) ઝૌઊશ્શમ્સ - તાપ - સૂરજની રોશની :**

કુદરતે ઈલાહી તરફસી મિલેલી હમને આ એક હિવી કીમતી નેઅમત છે કે, જેના વાસ્તે કોઇ મશકકત કે દૌલત ખર્ચ કરવાની ઝરૂરત નથી. ફજરમાં નમાઝ પઢીને હમેં ઘરથી બાહર નિકલીએ તો ઠંડી હવા સાથે નરમ ધૂપ અને સૂરજની તાઝા કિરનો હમારો ઈસ્તિકબાલ કરેચ. ફક્ત થોડા વક્ત વાસ્તે જો હમેં તેની તપિશથી ફાયદો લઈએ તો હમારો પૂરો દિન તાઝગી સાથે ગુઝરે. સવારની આ હલકી-ફુલકી ધૂપ હમને ચામડી, ઝહેન અને આઁખોની તકલીફોથી દૂર રહેવામાં મદદ કરેચ.

(બકીયહ પેજ નં. ૯ પર)

**નૂર ઠંડક આપે છે અને આગ ગરમી આપે છે.**

(પેજ નં. ૮ નું બાકી)

**(૨) નિંદ - નૌમ :**

હમારા વાસ્તે ઊંઘ રીસેટ બટન મુજબ છે. તે ઝહેની-જિસ્માની થકાનને દૂર કરવા અને હાઝમાની તાકતને બરકરાર રાખવા વાસ્તે ઝરૂરી છે. હમારા ઝહેનમાં ચાલી રહેલા વિચારો, ખયાલો અને ફિકરોને નાબૂદ કરવા, તેની ચેનને તોડવા અને નવા ખયાલાતને પૈદા કરવાનું કામ નિંદ કરે છે. હમને ઊંઘ જો બરાબર મિલે તો કામ કરવામાં જોશ રહેચ અને બેહતરીસી કામ કરવાનું દિલ થાઇચ. કોઇ સબબ સર જો હમેં બરાબર ઊંઘ ના લીદી તો બેકરારીના સબબ હમારો બીજો દિન ઘનો ખરાબ ગુઝરેચ. હમેં તે જ વક્ત સેહતમંદ રહી સકીસું કે, હમેં બરાબર મિકદારમાં ઊંઘ લઇસું.

**(૩) એક્સરસાઇઝ - વરઝિશ :**

સેહતમંદ રહેવા વાસ્તે ફક્ત હમેં નહીં મગર દુનિયાના તમામ લોકોને વર્કઆઉટ - વરઝિશ કરવાનું જુનૂન સવાર થયોચ. તે વાસ્તે કોઇ વક્ત મુકર્રર નથી. ફજરની વરઝિશ તમામ કરતા બહેતર છે. આમ કરવાસી જિસ્મમાં હલકાસ, સ્ફૂર્તિ અને એનરજી આવેચ. બેઠાડું ઝિંદગીમાં જે કલાકો તક હલન-ચલન ના કરતા હોય, ટીવી જોયા કરતા હોય, લેપટોપ પર બેસી રહેતા હોય, મોબાઇલમાં રચાપચા રહેતા હોય, તેઓ વાસ્તે તો ઘનું જ ઝરૂરી છે કે, કોઇ પન સ્પોર્ટસ રમે, વોકિંગ કરે, જોગિંગ કરે, સાયકલિંગ કરે, ક્રિકેટ રમે, આઉટડૉર યા ઈનડૉર ગેમ્સમાં થોડો વક્ત ગુઝારે. પૂરા અરકાન સાથે જે શખ્સ નમાઝ પઢવાની આદત રાખેચ એના વાસ્તે તો ખૂબ ફાયદામંદ છે કે, દીનદારીમાં જ વરઝિશ સમાઇ જાઇચ. હમારૂં જિસ્મ એક મશીન મુજબ છે. મશીનને જો હમેં બરાબર કામે ના લગાડીએ તો તેના પુરઝા કાટ ખાઇ જાય, ઢીલા પડી જાય યા નકમ્મા થઇ જાય. લેહાઝા, હમારા જિસ્મની પન આ જ હાલત છે.

**(૪) ગિઝા - જમન - તઆમ :**

જિવો આહાર (જમન) તિવો વિચાર, જિવો વિચાર તિવો આચાર, જિવો આચાર તિવો સંસ્કાર, જિવો સંસ્કાર તિવો સંસાર. હમારા જિસ્મની બંદિશ હમારા જમવા ઉપર છે. હમારૂં જમન હમારી ઝિંદગી ગુઝારવાની બુનિયાદ બનેચ. તેને હમે હલકામાં ના લેવું જોઇએ. હમારી કોશિશ એ હોવી જોઇએ કે, હમેં બહેતરીસી હમારૂં જમન પસંદ કરીએ. હમેં જમનને એ તરીકાથી જમીએ કે, તે હમારા જિસ્મ વાસ્તે દવા બને બીમારી નહીં. હલાલ જમન, સહી તરહ નું જમન, સહી જગાનું જમન, સહી તૌરથી જમેલું જમન, સહી લોકો સાથે જમેલું જમન, જમનને બરાબર જોઇને હાથથી લુકમો લઇને, બરાબર ચાવેલું જમન, ઝમીન પર બેસીને અલ્લાહનો શુક્ર કરીને જમેલું જમન, પેટ થોડું ખાલી રાખી જમેલું જમન, વક્ત પર જમેલું જમન, ફેમિલી સાથેનું જમન, ખુશી-ખુશી જમેલું જમન જ સહી માઅનામાં જમન છે. આ સિવાયની તમામ ચીઝો સેહત વાસ્તે ખતરનાક અને બિગાડ પૈદા કરવાવાલી છે.

**(૫) ઝાતી એઅતેમાદ - સેલ્ફ કોન્ફીડન્સ :**

જહાઁ તક હમેં હમારામાં છુપેલી કાબિલીયત અને સુલાહીયતને નહીં પહેચાનીએ વહાઁ તક ખુદને સાથે ઈન્સાફ નહીં કરી શકીએ. સેલ્ફ કોન્ફીડન્સ અને સેલ્ફ રિસ્પેક્ટ હમારી કામિયાબીની ચાવી છે. જેનામાં કોન્ફીડન્સ-એઅતેબાર નથી હોતો તે વારેઘડીએ ભુલો કરેચ, કામને વિચમાં છોડી દેચ, પોતાની કચાસનો ઈલ્ઝામ બીજા પર લગાવી દેચ અને ખુદની કિસ્મત પર રોયા કરેચ. હમારી ઝાત હિવી નથી કે, હમેં બધું જ બરાબર કરીએ. કોઇ ચીઝમાં હમેં માહિર-હુશિયાર હોઇએચ અને કોઇ ચીઝ હમારાસી નથી થઇ સકતી. લેહાઝા, હરએક શખ્સને હાઁ યા ના કહેવાનો હક્ક છે. જે ચીઝને હમેં ઈન્સાફ નથી આપી શકતા, તે વાસ્તે ઈન્કાર કરી દેવો જોઇએ અને જે ચીઝમાં હમને ખુદ પર ભરોસો હોય તેને તો બરાબર ડટીને પુરજોશ મહેનત કરીને કરવી જ જોઇએ.

(બકીયહ પેજ નં. ૭ પર)

**નૂરથી ખૌફ લાગતો નથી મગર આગથી ખૌફ થાય છે.**

## મૌ. ઈસા રૂહુલ્લાહ અને ઈબ્લીસ લઈન

મૌ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ બયાન કરે છે કે, જે વક્ત મૌ.ઈસા રૂહુલ્લાહ ૩૦ સાલની ઉમર પર પહોંચા, તો અલ્લાહતઆલાએ આપને બની ઈસ્રાઈલની કૌમ પર મબ્ઊસ કીધા, જેથી આપ આપની કારે હિદાયતની ઝિમ્મેદારી નિભાવી શકે. એક દિન એક શખ્સ આપની મુલાકાત વાસ્તે આવો અને ઘણી ચાલાકીથી આપથી ગુફ્તગૂ કરવા લાગો. આપ સમઝી ગયા કે, આ કોઈ માઅમૂલી શખ્સ નથી, મગર ઈન્સાનની શિક્લમાં શયતાન છે, ઈબ્લીસ છે.

ઈબ્લીસ કહેવા લાગો કે, "અય ઈસા! તમેં તે છો કે જેએ તમારા રબની અઝમતને એ મુજબ બલંદ કીધી છે કે, તમારી તખ્લીક **કોઇ બાવાજી બગૈર** થઈ છે?" આપે જવાબ આપો કે, "ઘણી મોટી તે રબની અઝમત છે કે, જેએ મારી એ તરહ તખ્લીક કીધી કે, જે તરહ મૌ.આદમ સફીયુલ્લાહ અને એમના બૈરો મૌ.હવ્વા અલ-મુતહહરહની તખ્લીક બિલા વાલેદૈન થઈ હતી."

ઈબ્લીસે પૂછું કે, "અય ઈસા ! તમેં તે છો કે જેએ તમારા રબની અઝમતને એ મુજબ બલંદ કીધી છે કે, તમેં **કમસિનીમાં પારણામાં કલામ કીધા** અને કોઈ બાલિગ જેમ નસીહત કરે છે, તેમ તમારો અમલ હતો ?" આપે જવાબ આપો કે, "અય ઈબ્લીસ ! ઘણી મોટી તે રબની અઝમત છે કે, ઘણી કમસિનીમાં, નાની ઉંમરમાં તેએ મને બોલતો કીધો. અગર તે ચાહતા તો મને ગૂંગો બનાવી શકતા હતા."

ઈબ્લીસે પૂછું કે, "અય ઈસા ! તમેં તે છો કે જેએ તમારા રબની અઝમતને એ મુજબ બલંદ કીધી છે કે, તમેં પૈદા કરવામાં આવા છે **પરિન્દા ની શિક્લમાં** અને જે વક્ત તેને ઝિંદા કરવામાં આવે તો પરિન્દું બનીને પરવાઝ કરી જાય ?" આપે જવાબ આપો કે, "તમામ અઝમત તો તે રબ વાસ્તે છે કે, જેએ મને પૈદા કીધો અને તેને પણ પૈદા કીધું કે જેની શિક્લો સૂરતમાં તે તબ્દીલી લાવી શકે છે."

ઈબ્લીસે પૂછું કે, "અય ઈસા ! તમેં તે છો કે જેએ તમારા રબની અઝમતને એ મુજબ બલંદ કીધી છે કે, તમેં **મરીઝોને શિફા** અતા કરો છો ?" આપે જવાબ આપો કે, "અય ઈબ્લીસ ! તમામ બલંદી તે રબ વાસ્તે છે કે, જેના ઈઝન-રઝાથી હું મરીઝોને શિફા બખ્શું છું. અગર તે રબ ચાહે તો મને પણ મરીઝ-બીમાર બનાવી શકે છે."

ઈબ્લીસે પૂછું કે, "અય ઈસા ! તમેં તે છો કે જેએ તમારા રબની અઝમતને એ મુજબ બલંદ કીધી છે કે, તમેં **મૈયેતને ઝિંદા** કરી દો છો?" આપે જવાબ આપો કે, "અય ઈબ્લીસ ! તમામ ઈઝઝત તે રબ વાસ્તે છે કે, જેના હુકમથી હું બેજાન શખ્સને ઝિંદા કરૂં છું. **મૌતથી કોઇ ઇન્સાનને છુટકારો નથી.** જે રબ મૌત આપે તે ઝિંદગી પણ આપી શકે છે અને જે ઝિંદગી આપે તેના વાસ્તે મૌત આપવું ખૂબ જ આસાન થઈ જાય છે."

ઈબ્લીસે પૂછું કે, "અય ઈસા ! તમેં તે છો કે જેએ તમારા રબની અઝમતને એ મુજબ બલંદ કીધી છે કે, તમેં **દરીયા પર એ તરહ ગુઝર** કરી શકો છો કે, ના તમારા કદમો પર પાનીનો અસર દેખાય છે, ના તમેં તેમાં ગરક થાવ છો ?" આપે જવાબ આપો કે, "અય ઈબ્લીસ ! તમામ અઝમત તે રબ વાસ્તે છે કે, જેના હાથમાં સીધી રાહ બતાવવું પણ છે અને ગુમ્રાહ કરવું પણ છે. ઈઝઝતદાર કરવું પણ છે અને ઝલીલો ખ્વાર કરવું પણ છે. તે અગર ચાહે તો મને દરીયા પરથી ગુઝારી દે અને ચાહે તો મને તેમાં ગરક પણ કરી શકે છે."

ઈબ્લીસે પૂછું કે, "અય ઈસા ! તમેં તે છો કે જેએ તમારા રબની અઝમતને એ મુજબ બલંદ કીધી છે કે, એક દિન એવો આવશે કે, ઝમીન અને આસ્માનો અને જે કઈ પણ તેમાં છે તે તમામ તમારા નીચે હશે અને તમેં તે **તમામના ફૌક-ઉપર** હશો. બધી જ ચીઝો પર તમારો કબ્ઝો હશે, યાઅની તમેં **મુદબ્બેરૂલ ઊમૂર** હશો અને તમારા જ હાથમાં તમામ વાસ્તે રિઝક-રોઝીને તકસીમ કરવાનું હશે, યાઅની તમેં **મુકસ્સિમુર અરઝાક** હશો ?"

(બકીયહ પેજ નં. ૧૧ પર)

**હક્કના સાહેબો નૂરના સ્ત્રોત-સરચશ્મા હોય છે.**

## બરકતી માલા – કિસ્ત - ૩

અય શૈખ ! ફરિશ્તાઓ સવાલ કરશે, માઁ ફાતેમા અઝ-ઝહરા (અ.સ.) ને કે, **આપનો રબ કૌન છે ?** માઁ ફાતેમા જવાબ આપશે કે, **"અલ્લાહ વહદહૂ લા શરીકા લહૂ"**. પાછો સવાલ થાશે કે, આપના નબી કૌન છે ? આપ જવાબમાં ફરમાવશે કે, જે કુલ અંબિયાના સરદાર છે અને કાઅબા-કિબ્લાના માલિક છે, એ મારા બાવાજી મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) છે. પછી ફરિશ્તાઓ પૂછશે કે, આપના વલી કૌન છે ? આપ જવાબ આપશે કે, જે સાહેબ મારી કબર પર ઊભેલા છે એ કુલ ઔલિયાના સરદાર અને જન્નત-જહન્નમમાં વસનારાઓને તકસીમ કરનાર, મારા શૌહર અલીયુલ મુરતઝા (અ.સ.) છે.

"અય શૈખ ! અલ્લાહતઆલાએ ફરિશ્તાઓની એક મોટી જમાઅતને મુકર્રર કીધેલી છે અને તેઓને હુકમ ફરમાવેલો છે કે, **તેઓ માઁ ફાતેમાને આસપાસ રહે, એને પોતાની પનાહમાં રાખે અને એના ઉપર રહેમત વરસાવતા રહે.** આ ફરિશ્તાઓની જમાઅત માઁ ફાતેમા જે વક્ત આ દુનિયામાં હાઝિર હતા, તે વક્ત આપની સોહબતમાં આપના સાથેને સાથે રહેતા હતા અને જે વક્ત આપ વફાત થયા તો આપની તુરબતે તાહરહ-કબરે અન્વર પર રાત-દિન રહેમત વરસાવતા હતા અને આપના શીઅયાનને આપની તુરબતના નૂરથી ફૈઝયાબ કરતા હતા. આ સઘલા ફરિશ્તા માઁ ફાતેમાના અહલે બૈત પર જેમાં આપના શૌહર અને આપના શાહઝાદા મૌ.હસન અને મૌ.હુસૈન શામિલ છે, એ તમામ પર હર લેહઝા સલવાતો સલામ પઢે છે."

"અય શૈખ ! તમેં યાદ રાખજો કે, "જે શખ્સે મારી વફાત બાદ મારી કબરની ઝિયારત કીધી, તો એ તેના મુજબ છે કે ,જેએ મારી હયાતીમાં મારી મુલાકાત કીધી." યાઅની કે, **કબરની ઝિયારત એ ગોયા એ શખ્સ સાથે હકીકી મુલાકાત કરવી છે.** ફરમાવું આપે કે, "જે શખ્સ મારી કબર પર આવશે અને સલવાતો સલામ પઢશે અને તાઅઝીમો તકરીમ કરશે, તો એ તે શખ્સની મિસિલ છે કે, જે મારા રૂબરૂ મારી મુલાકાત વાસ્તે આવો અને મારી તાઅઝીમો તકરીમ કીધી."

"અય શૈખ ! મારી ઉમ્મત માંથી જે શખ્સ મારા ફાતેમા ને ઈઝઝત આપશે, તેએ મને ઈઝઝત આપી મુજબ છે. જે શખ્સ મારા ફાતેમાની કબરની ઝિયારત કરશે, તો જાણે તેએ ખુદ મારી ઝિયારત કીધી, મને આવીને મિલો. જે શખ્સ મારા અલીની કબરની ઝિયારત કરશે, તો તેએ મારી અને મારા ફાતેમાની ઝિયારત કીધા મુજબ છે. ✯

---

(પેજ નં. ૧૦ નું બાકી)

આપે આખિરકાર જવાબ આપો કે, "અય ઈબ્લીસ ! તારા આ સવાલ પર હું હરગિઝ મારી ઝાત પર ફખર નહીં કરૂં. તું કાફિર છે. તું મલઊન છે. તારા આ સવાલમાં ફરેબ-મકર છે. હું ઈસા મારા રબ અલ્લાહતઆલાનો નબી છું અને તું મારો ખુલ્લો દુશ્મન છે. તારા કલામથી તું મને છેતરી નહીં શકે. હવે સાંભલ ! અલ્લાહ તસ્બીહનો માલિક છે કે, જેએ અસ્માનોને અને ઝમીનને તરહ-તરહની ચીઝોથી ભરેલા છે કે જેની તુંને કોઈ જ માઅલૂમાત નથી. બશરની કોઈ તાકત નથી કે, અલ્લાહતઆલાની સિફતને તેની પૂરખતા ઝબાનથી અદા કરી શકે. તેના અર્શને ઉઠાવનાર એવા ફરિશ્તા છે કે, જે તેના હાથોથી ઝમીનો-આસ્માનને ઉઠાવે છે. હું તેનો ગુલામ છું. **મારી નફસ ઝિંદા છે, કેમકે, તેમાં મારા રબની ખુશી છે અને માઅરેફત છે.** આ તમામ ચીઝોથી તું ખાલી છે."

આપનો આ જવાબ સાંભલીને ઈબ્લીસ મૂઁહને બલ નાસી ગયો અને **લીલા ગંધાતા દરીયામાં જઇને ગરક** થઈ ગયો. અય મુમેનીન ! આ બયાન થી હમને સબક લેવો જોઈએ કે, હમારા નઝદીક પણ એવા શખ્સ આવે છે કે, હમારી જુઠી તાઅરીફ કરે છે, મકરબાઝીથી હમને મોટા બનાવે છે, છલ-કપટ થી હમારાથી એવી વાતો બોલાવી લે છે યા કામ કરાવી લે છે કે, જેનાથી હમારી બેઇઝઝતી થાય, કોઇના વાસ્તે હમેં નારવાઁ બોલી દઈએ, કોઇ ગુનાહ થઈ જાય, જોશમાં ને જોશમાં હમેં ના કરવાનું કરી દઈએ, વાહ ! વાહ ! ના ચક્કરમાં હમારો કદમ ફિસલી જાય. હમને ઈબ્લીસને પહેચાનીને હમારી ઝાતને ખુશામદી અને મતલબી લોગોથી બચાવવાની છે. ✯

**નૂરાની વાબિસ્તગીથી મુમેનીન તેઓની નજાતના રસ્તાને જોઈ છે.**

## જનાઝે કી સવારી આપકે ઘર, સે નિકલતી હે

### - સલામે ફાતેમી -

સલામી આજ દોનોં આઁખેં ખૂઁ કી આસૂં રોતી હે,
જનાબે ફાતેમા મરને કો અબ બિસ્તર પે સોતી હે.
ખુદાયા સબ્ર ઝહરા પર તો એક લહેઝા નઝર કરના,
શિકમ સે ફાતેમા કે ખૂન કી બુંદેં ટપકતી હે.
ચલી જબ રૂહ ઝહરા કી તો હાતિફને નિદા યે કી,
ખુદા કે પાસ ઝહરા ખૂને મોહસિન લે કે જાતી હે.
સુનાયા હુરીયોં ને ગુલશને જન્નત સઁવારા તો,
મોહંમદ કી ખૂઝાદી ખુલ્દ મેં તશરીફ લાતી હે.
જનાઝા જબ ચલા દો બેટીયાઁ રો રો કે ચિલ્લાઈં,
રૂકો અમ્માં રૂકો અમ્માં તુમ્હેં ઝૈનબ બુલાતી હે.
પિદર કો રોનેવાલી મૂઁહ છિપાયા આજ દુનિયાસે,
તુમ્હારી બેબસી પર બેટીયોં કી ફટતી છતી હે.
હમેં તુમ દુશ્મનોં મેં છોડ કર જાતી હો અય અમ્માં,
જુદાઈ સે તુમ્હારી જાઁ હમારી થરથરાતી હે.
હસન કા રોના દેખો ઔર અખી શબ્બીર કો દેખો,
યતીમી ભાઈઓ કી અમ્માં યે ઝૈનબ દિખાતી હે.
કમર પકડે પિદર શૈરે ખુદા રોતે હૈં અય અમ્માં,
તુમ્હારી યાદ અમ્માં, બાપ કે દિલ કો જલાતી હે.
અલી બોલે, અય ઝહરા ! ક્યા હુવા, ક્યૂં મુઝસે રૂઠી હો !
જનાઝે કી સવારી આપ કે ઘર સે નિકલતી હે.
લિપટ કર શબ્બરો શબ્બીર માદર કે જનાઝે સે,
કહા રો કર, અય માદર ! કિસ જગા રહેને કો જાતી હે.
લહેદ મેં ઘર કે ઝહરા કો, કમર પકડી અલી બોલે,
અય બીબી ! ખાક કે દામન મેં સૂરત કો છુપાતી હે.
અલી અસ્પે લહેદ પર બેઠ કર ફરમાયા અય ઝહરા,
તેરી ગુરબત, તેરી ઉલ્ફત, અય બીબી ! યાદ આતી હૈ.
અલી કી ખમ કમર હે ઘર અલી કા આજ વીરાઁ હે,
અલી કે ઘર સે જા કર ખુલ્દ કી બસ્તી બસાતી હે.
હુઈં જબ દફન ઝહેરા હૂરેં આઈં સર ઝુકાને કો,
નબી કે સાથ રૂહેં અંબિયા કી સારી રોતી હે.
ફરિશ્તેં ઝાડું દેને કો લહેદ મેં આકે બેઠેં હૈં,
અલી કે ઘર મેં બેટી ફાતેમા કી ગુલ મચાતી હે.
કબીલા હાશેમી તુરબત પે ઝહેરા કે વો રોતા હે,
જનાબે મરિયમો હવ્વા ગુલે રિઝવાઁ લુટાતી હે.
અલમ ઝાકિર અલી ઝહેરા કા ભી મહેતાબ મેં ઉતરા,
ગમે ઝહેરા કો દુનિયા આજ તક દેખો મનાતી હે. ✫

## ખૈરુન્નિસા ફાતેમા હે

જિગર ગોશએ મુસ્તફા ફાતેમા હે,
ખદીજા કે દિલ કી દોઆ ફાતેમા હે.
નુબુવ્વત કા મકસદ, ઈમામત કા હાસિલ,
સમઝના હે દુશ્વાર, ક્યા ફાતેમા હે.
તહારત મુસલ્લમ હે મરિયમ કી લેકિન,
વો હે ઈબ્તેદા, ઈન્તેહા ફાતેમા હે.
નબી ઔર વસી જૈસે ખૈરુલ બશર હે,
ઈસી તરહ ખૈરુન્નિસા ફાતેમા હે.
હકિકત જો પૂછો તો બહેરે નુબુવ્વત,
ઈમામત કા એક આસરા ફાતેમા હે.
મોહંમદ હે ગો મુદ્દોઆ એ દો-આલમ,
મોહંમદ કા ભી મુદ્દોઆ ફાતેમા હે.
અલી કો ભી ફાકો મેં દી હે તસલ્લી,
અલી કી ભી મુશ્કિલ કુશા ફાતેમા હે.
અગર પરદે મેં રુએ નુરા ના હોતા,
નુસેરી યે કહેતેં ખુદા ફાતેમા હે.
ખુદા કે સિવા ફાતેમા કો જો કહીએ,
મૈં કહેતા હું ઈસ સે સિવા ફાતેમા હે.
સમઝતા હું સાજિદ મૈં સજદા ઈસી કો,
ઝબાઁ પર મેરી ફાતેમા, ફાતેમા હે. ✫

**નાફરમાની અને ગદ્દારી અંધારાના બે રસ્તાઓ છે.**

## દરસે કુરઆને કરીમ : સૂરતુલ બકરહ

**આયત : ૫૩ અને ૫૪**

**આયત ૫૩ :** અને જે વક્ત હમેં મૌ.મૂસા કલીમુલ્લાહને કિતાબ અને ફુરકાન અતા કીધા કે, જે ફેસલો કરનારા એહકામ છે. આ તેના વાસ્તે કે, તમેં રાહ પર આવો, હિદાયત યાફ્તા થાવ.

**આયત ૫૪ :** અને જે વક્ત મૌ.મૂસા કલીમુલ્લાહએ પોતાની કૌમને કહ્યું કે, અય મારી કૌમ ! તમેં વાછરડાની મૂર્તિને બનાવીને ખુદ તમારૂં જ નુકસાન કરી બેસા છો. હવે તમે પૈદા કરનારની તરફ વિલી જાવ, તૌબા કરી લો. પછી તમેં તમારા જાનો-નફ્સોને મારો. આ તરહનો અમલ કરવો ઘણો જ બહેતર છે, ખૈર છે, તમારા બારીએ તઆલાના નઝદીક, તમારા વાસ્તે. તમારી તૌબાના સબબ ખુદાતઆલા તમારા તરફ મુતવજજહ થયો. બેશક ! ખુદાતઆલા તૌબા કુબૂલ કરનાર છે, રહેમ કરનાર છે.

**તશ્રીહ :** મૌ. મૂસા કલીમુલ્લાહને આપની ઈબાદતની જઝામાં બે અઝીમ તોહફાઓ મિલા, તેમાંથી એક તૌરત કિતાબ છે અને બીજું આપના વસી મૌ.હારૂનની આપની ગૈરહાઝિરીમાં સરદારી-કિયાદત છે. **મૌ.હારૂન આપના વાસ્તે ફુરકાન મુજબ છે.** ફુરકાન યાઅની ફરક કરનાર, જુદા કરનાર, તમીઝ કરનાર, બે ભાગમાં તકસીમ કરનાર. ફુરકાન ની માઅના યહાઁ મૌ. હારૂન વાસ્તે તે સબબ સાફ થાય છે કે, આપ દરજએ વસાયત પર કાઈમ થાવા પછી, મૌ.મૂસાના ફરમાન મુજબ જે લોગોએ આપની ઈતાઅત કીધી, આપને રૂહાની સરદાર માના, આપના કહ્યામાં રહ્યા, તેઓનો એક ફરીક થઈ ગયો, **જેઓ જન્નતી કહેવાયા.**

આપના આ જન્નતી મુમેનીન સિવાય બીજા લોગો પણ હતા જેઓએ નાફરમાની કીધી, ફિત્નો કીધો, મૌ.મુસાની હિદાયતોને રદ કરી નાંખી. તુગયાની અને ફસાદ પર એ તરહથી આવા કે, મૌ.હારૂન ને ખિલાફ એક મોટો બુત-સનમ ઊભો કીધો. ઈજલ-વાછરડાનો આ પત્થરનો સનમ લોગોમાં મશહૂર થઈ ગયો. મૌ.હારૂનની ઈતાઅતને મુકીને લોગો તે ઈજલ સામે સર ઝુકાવવા લાગા અને તેની સિફતો સનાની કહાનીઓ ઘડવા લાગા. આ ફસાદખોરોનો એક મોટો ફરીક-ગ્રુપ પડી ગયો, **જેઓ જહન્નમી કહેવાયા.**

આ બેવે ફરીકના દરમિયાન મૌ.હારૂનની ઈતાઅતના સબબ મૌ.મૂસાએ ફેસલો કીધો. મૌ.હારૂન ફુરકાનના મિસિલ હતા. આપને વલી માનનારો ગિરોહ-ફરીક જન્નતની જઝાનો હક્કદાર થયો અને આપને ખિલાફ જાનારો ફરીક જહન્નમની સઝાનો હક્કદાર થયો. ઈતાઅત યાઅની ફરમાઁબરદારીએ ઈમામના સબબ જ મીઝાન-તરાઝૂ છે. આ મીઝાનના ઉપર ફુરકાન છે. **આ ફુરકાન મીઝાનને બે હિસ્સામાં તકસીમ કરે છે.** એક હિસ્સો જઝાનો છે અને બીજો હિસ્સો સઝાનો છે.

ઝાહિરી તૌર પર મૌ.મૂસા કલીમુલ્લાહ, મૌ.હારૂન, સામરી લઈન જાદૂગર, વાછરડું, બે ફરીકના લોગો, આ તમામ મૌ. મૂસાના ઝમાનએ નુબૂવત તક મહેદૂદ હતું મગર આ કિસ્સાઓનો અમલ અને અસર આજ તક જારી છે. આ દાઅવત હક્કતઆલાની છે. હક્કતઆલાની દાઅવતના ઊસૂલ અને અરકાન ઝમાનાના ગુઝરવા સાથે બદલાતા નથી. તેમાં કોઈ તબ્દીલી આવતી નથી. હક્કતઆલાના ઔલિયા-દોઆતના દુશ્મનો થાતા આવા છે અને થાયા જ કરશે. ફક્ત કિરદાર બદલાય છે, શખ્સીયત બદલાય છે, **મગર તે કિસ્સાઓની માઅના, મફહૂમ અને સબક એક જ હોય છે.**

અય મુમેનીન ! દાઈયુલ્લાહિલ અમીન કે, જે ઈમામુઝઝમાન (અ.સ.) ની જગા પર દીને હક્કને બરકરાર રાખવા વાસ્તે નિયાબત-કાઈમ મકામી કરી રહ્યા છે, **આપ દીને હક્કની રૂહ છે** અને આપની મવદ્દતો ઉલ્ફત હમારા વાસ્તે હમારા દીનની જાન છે. જહાઁ તક, આ રાબેતો બરાબર સચવાયેલો રહે છે યા દાઈએ હક્ક સાથેની વાબિસ્તગી બરકરાર રહે છે, વહાઁ તક દીનની જાન બાકી રહે છે.

(બકીયહ પેજ નં. ૧૪ પર)

**ઈતાઅત અને ઈબાદત-નૂરના બે રસ્તાઓ છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૦
## અલવી અકીદાઓ - અકીદો - ૪૬

**અકીદો -૪૬ : તાઅત વાજીબ છે.**

હમેં આ અકીદો રાખીએ છે કે, શરીઅતના-દીનના અસ્હાબની કે, જે તેના અહકામને બતાવી અને તેની જાઈઝ ચીઝો તરફ લોગોની તવજ્જોહ અપાવી તે સાહબની ઈતાઅત-તાઅત જાઈઝ છે. કેમકે, એ અલ્લાહતઆલાના ઈતાઅતગુઝાર છે, તેના અહકામને કુબૂલ કરનાર છે અને તેનાથી ફાયદો લેનાર છે. આ સાહબોથી અલ્લાહતઆલા રાઝી છે.પછી એ નબી,વસી,ઈમામ યા એમના દોઆતમાંથી હોય. આ ઈતાઅતથી જ નજાત હૉંસિલ થાય છે.કેમ કે, તાઅતની હકીકત ઝબાનથી, જિસ્મનાં અંગોથી,દિલ તેમજ યકીનથી તાબેઅ થાવું છે. એની જ તાઅત ફક્ત વાજિબ કરવામાં આવી છે કે, જેના વાસ્તે અલ્લાહ તઆલાએ કુરઆને કરીમમાં ફરમાવુ છે કે, “અતીઉલ્લાહ વ અતીઉર્રસૂલે વઉલીલ અમ્રે મિન્કુમ”. અલ્લાહતઆલા અને એના રસૂલને બાદ એમની જગાહ પર ઉલીલ અમરની તાઅત વાજિબ છે.બીજા કોઈની નહિં. ઉલીલ અમરના સાહબ એ છે કે, જે રસૂલુલ્લાહના વસી હોય, કુરઆનના તાવીલી માઅનાના આલિમ હોય અને જે ખલિફ એ બરહકક હોય અને જે દીને હકકની તરફ હકીકતોને સમઝાવીને દાઅવત કરે. યા એ સાહબ હોય કે, જે વસીના ઝમાના બાદ ઈમામે વક્ત હોય યા એ ઈમામના તરફથી હુજ્જતે જઝીરા યા એમના ઈસ્તેતારને વક્ત દાઈએ મુત્લક હોય કે, જે દાઈ ઈમામના પડદાપોશી થાવાના ઝમાનામાં કાઈમ કરવામાં આવા હોય અને જેને ઈમામુઝઝમાન તરફથી દાઅવતની કિતાબો મિલી હોય અને તેમાંથી લોગોને હિદાયત આપે.

ઈમાનની તકમીલ તાઅતથી જ છે. આ છે દિલથી માનવું, ઝબાનથી ઈકરાર કરવું અને હાથ-પગથી અમલ કરવું યાઅની કે, ઊસુલે દાઅવત અને અહકામે શરીઅત બજા લાવવું. આ મુકમ્મલ ઈમાનના અજઝા છે, હિસ્સાઓ છે. રસૂલૂલ્લાહ (સ.અ.વ.વ.) ના હર કૌલ, આપની નસીહત આમૈઝ હદીસ,આપના ફરમાન પર યકીન હોવું અને દિલમાં થોડો પણ શક-શુબેહ ના હોવો જોઈએ. જો આ મુજબ નથી તો રસૂલુલ્લાહની તાઅતમાં લાઝિમી તૌર પર ખલલ પૈદા થાશે. નબી સાહેબે ફરમાવું કે, અગર કોઈ શખ્સ એમ જાણવા ચાહે કે ખુદાના નઝદીક એનો દરજો-મકામ શું છે, તો ખુદની ઝાત પર ગૌર કરે કે, એના દિલમાં અલ્લાહતઆલાનો મકામ અને યકીન કઈ તરહ છે. એ અલ્લાહતઆલાની કેટલી કદરો-ઈઝઝત કરે છે અને કેટલા અહેકામ બજા લાવે છે. એની કેટલી હદ તક તાઅત કરે છે. એ જેટલી તાઅત કરશે તે મુજબનો એનો મરતબો બલંદ થાશે એમ યકીન રાખે. તાઅતથી જ ઈન્સાન “ **અબ્દુલ્લાહ** ” કહેવાય છે. અલ્લાહતઆલાની ના-ફરમાનીથી એ “ **અબ્દુશ્શયતાન** ” કહેવાય છે. અબ્દુલ્લાહ, નજાત અને અલ્લાહની કુરબતનો હકદાર છે.

દીન,તાઅતનું બીજું નામ જ છે. તાઅત નથી તો દીન નથી. જેએ ઈમામે ઝમાનાની તાઅતમાં પોતાની જાન આપી દીધી, એના હિસ્સામાં ઊખરવી ઝિંદગી છે.દુનિયા પછી આખેરતમાં એનો ઊંચો મકામ છે. ✫

---

(પેજ નં. ૧૩ નું બાકી)

હવે, જે વક્ત આ રાબેતો તૂટી જાય છે, યાઅની કોઇ શખ્સ દાઇને મુકીને કોઇ બીજા શખ્સને નઝદીક બેસે, દીની સવાલો કરે, અકીદાની ગુફ્તગૂ કરે, ઇલ્મ હાસિલ કરે, એવું શીખે કે જે વાસ્તે દાઇ એને રોકતા હોય, એવી જગા પર જાય જ્યાં જાવા વાસ્તે દાઇ એને મનાઅ કરતા હોય, તો એ એવા શખ્સ જેવો છે કે, જેએ ઇજલ-વાછરડાની પૂજા કીધી. હક્કના સાહેબને છોડીને ઇજલની મૂર્તિ આગલ જઇને બેસી ગયો. આ રાબેતો તૂટવાના સબબ એ શખ્સના ચહેરા પરનું નૂર ઓઝલ થઇ ગયું. અંધારી રાહમાં ભટકાઇ ગયો. એના ઇમાનની બુનિયાદ ડામાડોલ થઇ ગઇ. ભરોસા અને યકીનની શમ્અ બુઝાઇ ગઇ. યાઅની કે, એને મૌત આવવા પહેલા જ એના ઇમાનની મૌત આવી ગઇ. બાહરથી જીવતો દેખાય મગર અંદરથી એ બેજાન થઇ ગયો. ✫

**પંજતને પાક (અ.સ.) થી જહાનમાં નૂરનો દીવો જલતો રહેશે.**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૧૧

**કિતાબ : તન્બીહુલ ગાફેલીન**

**દાઇ એ હક્ક : સૈ.હાતિમ મુહીયુદ્દીન સાહેબ (આ.કુ.)**

અઈમ્મતે તાહેરીન (અ.સ.) ફરમાવે છે કે, "અય હમારા શીઆ ! હમેં તમારા ખૈરખ્વાહ છે. તમારી ગરદનમાં હમારી વલાયત અને બયઅતનો કિલાદો છે. તમારા દિલો હમારા સબબ ઝિંદા છે. તમારા હર અમલ હમારા સબબ અલ્લાહતઆલાની હઝરતે ખુદાવંદીમાં મકબૂલ છે. હમેં તમારા જાનોને છોડાવનાર છે. તમારી નજાત અને શફાઅત હમારા હાથમાં છે. હમેં તમારા દરમિયાન અલ્લાહના ઔલિયા છે. હમેં તમને શરીઅતની અદબો શીખાવનાર છે."

"જે શખ્સ તમારામાંથી હમારી બતાવેલી શરતો અને અદબો મુજબ ચાલશે એના વાસ્તે અલ્લાહ રહેમતના દરવાઝા ખોલી દેશે. તમેં હમારી ચાલે તમારી ઝિંદગીને ચલાવો. ગમેં તેવા રસ્તા પર ના ચાલો, મગર સિરાતે હક્ક જે તમારા વાસ્તે જ છે, તેને બિલા-શક ઈખ્તિયાર કરો. આ રસ્તાના નૈક અખ્લાક માંથી એક અહમમાં અહમ ખુલ્ક તે છે કે, તમેં તમારા બીજા ભાઈઓ સાથે મોહબ્બત રાખો, મૈલજોલ રાખો, મુખ્લેસાના રિશ્તો રાખો, ભલાઈ કરો, ઈઝઝત કરો. કેમકે, યાદ રાખજો ! **તન્હા હમારી માઅરેફત તમને ફાયદો નહીં કરે. હમારી મોહબ્બત હમારા શીઆ ની મોહબ્બત સાથે જોડાયેલી છે.**"

"તમારા નઝદીક તમારા ભાઈઓ એક જેવા બિલકુલ નથી. કોઈ દૌલતમંદ છે, તો કોઈ લાચાર-મજબૂર છે. કોઈ બલંદી પર છે તો કોઈ હકીર છે. કોઈ ચાલાક છે, તો કોઈ ઝહેનથી કમ્ઝોર છે. કોઈ તૈઝ છે, તો કોઈ ઠંડા છે. કોઈ મશ્હૂર છે, તો કોઈની શનાખ્ત પોશીદા છે. લેહાઝા, તમેં તમારા ભાઈઓમાં કોઈ ભેદભાવ, ઈખ્તેલાફ કે ફરક ના રાખજો. તમામને એક નઝરથી જોજો, ઈન્સાફ કરજો. કોઈને સાથે પણ બુરાઈ કરવામાં જલ્દી ના કરજો. બલ્કે, કોઈ તમારા સાથે બુરાઈ કરે તો એમ વિચારજો કે, તમેં એને કઇ તરહ મુઆફ કરી શકો. લાલચ રાખો તો એવી રાખજો કે, નાના-મોટા ભાઈઓ પર તમને કિવારે રહેમ કરવાનો મૌકો મિલે !"

રિવાયતમાં બયાન આવેલું છે કે, એક વક્ત મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) પોતાના મકાનમાં બેસેલા હતા. આપનો એક ખાદિમ દરવાઝા પર હતો. આપે એને પોતાના કોઈ ખાસ કામ વાસ્તે ઘણો આવાઝ આપો મગર એ ખાદિમ આપના બોલાવવાથી ના આવો અને આપના આવાઝનો કોઈ જવાબ ના આપો. તેથી, આપ મૌલા પોતે ઉઠીને દરવાઝા પર જોવા ગયા કે, ખાદિમ ત્યાં છે કે નહીં ! આપે જોયું કે, એ તે જ જગા પર બેસેલો હતો. આપે ફરમાવું કે, "અય ભાઈ ! હું તુંને કેટલા વક્તથી નિદા કરૂં છું અને તું મને કોઈ જવાબ કેમ નથીં આપતો ?"

ખાદિમે અરઝ કીધી કે, "આપ મને મુઆફ કરો, આપના તરફથી મારી ખતા વાસ્તેની સઝાનો મને કોઈ ખૌફ નથી. જો મને કોઈ ડર હોત તો આપના તરફ હું જલ્દીથી દોડી આવો હોત. આપ મારા ઉપર રહેમત કરો કે, આ ખતા દોબારહ નહીં કરૂં." આ જવાબ સાંભલીને આપ મૌલા એ આપના બેવે હાથોને ઉંચા કરીને આસમાનની તરફ જોઈને ફરમાવું કે, "**અલ્લાહતઆલા વાસ્તે હમ્દ છે કે, તેએ મારા ખાદિમને મારી સઝાથી ડરનાર કીધો નથી.**"

આપ મૌલા ફરમાવે છે કે, "હમારા શીઆની બુનિયાદી તાઅલીમ એ છે કે, અલ્લાહતઆલાની તૌહીદ એ મુજબ માને કે, **તેના અઝાબના ડર સિવાય દુનિયાના કોઇ પણ શખ્સની સઝાથી ડરે નહીં**. હમેં મુત્તકી લોગોના સરદાર છે. તકવા પર ચાલવું તે એ લોગોની ખસીયત છે. તકવાની માઅના જ એ છે કે, હમારી નસીહત મુજબ એવા અમલ કરવા કે, કોઈના ડરની ગુંજાઈશ રહે જ નહીં. શર કામથી ખૌફ પૈદા થાય છે અને ખૈર કામથી દિલી ઈત્મિનાન પૈદા થાય છે."

**મુમેનીનની જાનો અહ્-નૂરથી વાબિસ્તા હોય છે.**

## તોહફહ નાદેરહ

૧૭ રબીઉલ અવ્વલ ૧૪૪૫ હિ. ના મુબારક દિન કે જે વક્ત હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) વાસ્તે ડૉક્ટરેટની સનદ નવાઝીની મજલિસ હતી, તે વક્ત ચંદ એવી યાદગાર ચીઝો ગુઝરેલી છે કે, જેની ઝિક્રે ખૈર દાઅવતે શરીફહના દફતરમાં અને જામેઅતે મુસ્તફાના ઈદારામાં યા ઈરાનના રહેબરે આઅઝમના નઝદીક હર પલ થાતી રહેશે.

યાદગાર ચીઝોમાંથી એક એ છે કે, ઈરાનના મહેમાનાન પોતાના સાથે ડૉક્ટરેટની ડીગ્રીનું મખ્સૂસ ડોક્યૂમેન્ટ અને આયતુલ કુરસીનો ગાલીચો લાવા હતા. જે વક્ત આ ચીઝો અરઝ કરવામાં આવી તે વક્ત હુઝૂરે આલી સૈયેદના સાહેબે એ સાહેબોને રહેબરે આઅઝમને અરઝ કરવા વાસ્તે એક નાદિર અને નાયાબ તોહફો અતા ફરમાવો.

તેની સિફત એ છે કે, ૩૧ માં દાઈએ મુત્લક સૈયેદના હસન બદરૂદ્દીન બિન સૈ.વલી સાહેબ (આ.કુ.) નું અરબીનું દીવાન દાઅવતે હાદીયહના ખઝીનહમાં મૌજૂદો મહેફૂઝ છે. **મગર આપ મૌલાએ તે મહેનત-મશક્કત, આઝમાઇશ-બલા, ખૌફ-ખતરના વક્તમાં પણ અહલુલ બૈત (અ.સ.) ની સિફતો સનામાં એવા અશ્આર તસ્નીફ ફરમાવા છે કે, જેના અલ્ફાઝની બંદિશ અને મફહૂમ ગૈર-માઅમૂલી છે. તે અશ્આર માંથી આપે ફારસી ઝબાનમાં મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની મદેહખ્વાની ફરમાવી છે. આ તમામને નકલ કરનાર ૩૭ માં દાઇએ મુત્લક સૈ. શૈખઅલી શમ્સુદીન સાહેબ (આ.કુ.) છે.**

આ અલવી બૈતની નુદરત એ છે કે, હુઝૂરેઆલી સૈયેદના સાહેબે (ત.ઉ.શ.) પોતાના દસ્તે મુબારકથી આ બૈતને એક મખ્સૂસ કાગઝ પર લિખી-કિતાબત કીધી પછી તેને આઅલા નૌઈયતની ફ્રેમમાં નસબ કરાવીને એક દિલકશ શિક્લમાં તેને ઝીનત આપવામાં આવી. આ પહેલા એવું નથી બનું કે, એક દાઈએ હક્ક પોતાના દસ્તે મુબારકથી તહેરીરશુદા કિરતાસને કે, જેમાં અપના દોઆતે કિરામની તસ્નીફશુદા બૈત હોય, તેને બીજી કૌમના રહેબરને તબર્રૂક ના તૌર પર અતા કરવામાં આવી હોય. આ એક એવો બેનમૂન તિઝકાર છે, યાદગાર નિશાની છે કે, જેનાથી રિશ્તાની જડો ઔર મઝબૂત થાય છે અને મોહબ્બતની ફસલ ઔર રૌનકદાર બને છે. ✯

---

**આઁખોના નૂરથી દુનિયાના રસ્તાઓ જોઈ શકાય છે અને દિલોના નૂરથી આખેરતના રસ્તાઓ દેખાય છે.**

---

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman)** કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૦૦/-**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.



Private Circulation For **Isma'ili - Taiyebi - Alavi Bohra Mumineen** Only.